3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૪

વર્ષ-૫ • અંક-૩૧૮ • સળંગ અંક - ૨૦૧૮ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૫૦.૧૦
સંવત - ૨૦૮૧
કારતક વદ-૦૫, બુધવાર
તા. ૨૦-૧૧-૨૦૨૪
સૂર્યાસ્ત - ૦૫.૫૮.૨૫

**દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે.**

**'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'**

www.kutchipatrika.org




**વડાલા**ના **તરણ સાવલા** (ઉ.૫૯) યવતમાલ, હાલે પુના, તા.૧૭/૧૧/૨૪ના હાર્ટ એટેકથી અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી ભાનુબેન દામજીના સુપુત્ર. રક્ષાના પતિ. દિપતેશ દિલેરના પિતાશ્રી. જલ્પા ગુંજનના સસરા. વડાલાના રતનબાઈ વિજપારના પૌત્ર. મોખાના ઉમરબાઈ પાસુભાઈના દોહીત્ર. વેદી જિશાના દાદા. લક્ષ્મીચંદ, ચંદ્રિકા, મંજુલા, જ્યોતિ, માયા, સ્વ.કિરણના ભાઈ. સ્વ.અમૃતબેનના દેર. હિનાના જેઠ. ટુંડાના કાંતિલાલ પાસુ, સાડાઉના માલસી, કુંવરજી, જાધવજી, કેશવજી, દેશલપુરના દીપક, કેશવજીના સાલ. વડાલાના રેવંતીબેન મગનલાલ, સાડાઉના જવેરબેન જેઠાલાલ, મોખાના લક્ષ્મીબેન નરશીભાઈના ભત્રીજા. મોખાના નાનજી પાસુના ભાણેજા. નાની ખાખરના માતુશ્રી જવેરબેન લાલજીના જમાઈ. સુરેશ, રૂપેન, નેમિશ, કેવલના બનેવી. સુમન, રોહિણી, કિશોરી, મોનાના નણંદોઈ. તલવાણાના ભાવના હસમુખ દેઢિયા, યવતમાલના મધુબેન રમેશ ખિવસરાના વેવાઈ. શિલ્પા, રૂપા, મનીષ, બિનલ, લિતલના કાકા. અમિત, દીપ્તિ, કમલેશ, જયેશ, ચંદ્રકાંત, પ્રીતિ, વૈશાલી, કૃણાલ, નેહાના મામા. માવજી, નવીન, સ્વ.કાંતિના ફૂઈયાઈ ભાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. રક્ષા સાવલા, બ્લોક નંબર ૨૦૪, ગોદાવરી બિલ્ડીંગ, મ્હાડા સોસાયટી, મોરવાડી, પીંપરી, પુના-૪૧૧૦૧૮. મો. રક્ષા-૭૦૩૮૯૦૬૭૪૭, દિપતેશ-૮૮૦૦૧૫૫૮૮૯, દિલેર-૮૯૭૮૭૬૧૯૮૨.

4/1/1 --------- (1-1)



**ડોણ**ના **અ.સૌ. રૂક્ષમણી ધીરજ મારૂ** (ઉ.વ. ૬૯) ૧૫-૧૧ના અવસાન થયેલ છે. રાજબાઈ લાલજી ખીમજીના પુત્રવધુ. ધીરજના પત્ની. અમિત, મીનલ, રોશની, માધવીના માતા. ઈશીતા, ગઢશીશાના ધનરાજ રામજી, ભાવનગરના નિરવ હરેશ, મો. ખાખરના દિમેશ જયંતીલાલ લાલજીના સાસુ. લવિન, મિવાનના દાદી. ચાર્મી, જૈનમ, મોક્ષા, ખુશી, વિરાંશના નાની. નવાવાસના હેમલતા કાંતિ ફુરીયા, સ્વ. વસનજી, સ્વ. મહેન્દ્ર, સ્વ. રાજેશ, હીના, સ્વ. બિભાષના ભાભી. રાયણ ગોમીબાઈ કાનજી (જખુ) છેડાના દો. વહુ. પત્રી લક્ષ્મી નરશી ધરોડના પુત્રી. જયંતી, સ્વ. મનસુખ, નવીનાર રંજન કેશવજી વોરાના બેન. મીનાના નણંદ. પત્રી રતનશી, માવજી, હાંસબાઈ કાનજી દેઢીયાના ભત્રીજી. બારોઈ લીના કાંતિ, સુશીલા માવજી પુંજા કેનીયાના ભાણેજી. મેરાઉ હીના નીતીન કેશવજી ગડા, ગઢશીશા હેમલતા રામજી રતનશી, ભાવનગર ભારતી હરેશ ઉગરચંદ, મો. ખાખરના ચંદન જયંતીલાલ લાલજીના વેવાણ. લક્ષાંક, બીજલના મામી. જલ્પાના મામી સાસુ. બીદડાના ટવીંકલ ધવલ, દેશલપરના ચૈતાલી મોનીષ, મહુવાના ચાર્મી મંથનના ફુઈ. નિલેશ, મિતેશ, રૂપેશના માસી. નીકીતા, ચૈતાલી, અનિતાના માસી સાસુ. **મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી.** નિ. ધીરજ મારૂ, ૪૦૧, બી, દેવપ્રયાગ, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ધીરજ-૬૩૫૩૩૮૯૮૪૧, અમિત-૯૯૨૫૧૧૮૯૫૫.

4/1/1 --------- (1-2)



**કપાયા**ના **ધીરજલાલ રતનશી સંગોઈ** (ઉ.વ. ૭૩) તા.૧૮-૧૧-૨૪ ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી હીરબાઈ વસનજીના પૌત્ર. માતુશ્રી ઝવેરબેન રતનશીના પુત્ર. અમૃતના જીવનસાથી. હેતલ, તેજલ, નેહલના પિતા. દિપેશ, હેમલના સસરા. આરવના નાના. રમણીક, કલ્પનાના ભાઈ. સુશીલાના જેઠ. છસરાના વસંત ગાંગજીના સાલ. પ્રશાંત, કૌશલ, પ્રીતેશના મોટા બાપા. જુગલ કપિલના મામા. પ્રાગપુરના માતુશ્રી પાનબાઈ રવજી વીરજી વોરાના જમાઈ. કપાયાના શાંતા શાંતિલાલ, કારાઘોઘાના મંજુલા તલકશી, ગેલડા હેમલતા હરખચંદ, ભુજપુરના રેખા કાંતિલાલ, દેશલપુરના નિર્મળા હિંમતલાલ, બેરાજાના રમીલા માવજીના બનેવી. કારાઘોઘાના વિમળાબેન પોપટલાલ સૈયા, બારોઈના નિર્મળાબેન ભોગીલાલ કેનીયાના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિવાસ : હેતલ દિપેશ સૈયા, ૮૦૨, સમતા કો.હા.સોસાયટી, વિવેક કોલેજ રોડ, ગોરેગામ (વે), મુંબઈ-૪૦૦૧૦૪. અમૃતબેન- ૯૮૩૩૧૨૦૨૩૪, હેતલ-૯૮૯૨૯૮૫૪૦૯, તેજલ-૯૮૯૨૯૮૨૭૦૨.

4/1/1 --------- (1-3)



**મોટા આસંબીયા**ના **બા.બ્ર.જાદવજી ટોકરશી હંસરાજ છેડા** (ઉ.વ. ૭૭) મુંબઈમાં ટુંકી માંદગીથી તા. ૧૪-૧૧-૨૪નાં રાતના અવસાન પામ્યા છે. મા. રાજબાઈ ટોકરશી હંસરાજના સુપુત્ર. સ્વ. ખીમજી, જયંતીલાલ, કાંતીલાલ, બિદડાના સ્વ. દમયંતી ભવાનજીના ભાઈ. મણીબેન, કોકીલા, મીનાના દેર. વીરેન, રસીક, નિલેશ, રાકેશ, પ્રવિણ, મનીષના કાકા. અ.સૌ. દીપા, અ.સૌ. વંદના, અ.સૌ. મયુરી, અ.સૌ. શીતલ, અ.સૌ. દીપાલીના કાકાઈ સસરા. મા. તેજબાઈ લખમશી હંસરાજ, મા. સોનબાઈ ધારશી હંસરાજ, મા. દેવકાંબેન વીરજી નાગશીના ભત્રીજા. હર્ષ, હેત, દીક્ષાર્થી જૈનમ કુમાર,ઉર્મી, ક્રીશ, ધીર, ચાર્વીના કાકા દાદા. સ્વ. હસમુખ, બિદડાના સાકરબેન હરખચંદ, કોડાયના રતનબેન ખીમજી, નાના ભાડીયાના લક્ષ્મીબેન મણીલાલ, સ્વ. પ્રભાના કાકાઈ ભાઈ. બિદડાના ધનજી શીવજી (બાબુમામા મોટરવાલા) ના ભાણેજ. જયેશ ધનજી, નાના ભાડીયાના નુતન ચંપકલાલના ફુઈયાઈ ભાઈ.કોડાયના સ્વ. દેવચંદ તથા અમૃતલાલ શીવજી, મો. આસંબીયાના સ્વ. રમેશ તથા નિર્મળા હીરજીના માસીઆઈ ભાઈ. કોડાયના તરલા બીપીન નંદુના મામા. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે ન આવવા વિનંતી. ઠે. વીરેન છેડા, ૮, લાઠીવાલા એપાર્ટમેન્ટ, મઝગામ સર્કલ, મુંબઈ-૧૦. મો.નં. મણીબેન ખીમજી-૯૦૦૪૮૮૮૯૬૩, જયંતીલાલ-૯૩૨૨૭૪૭૪૪૦, કાંતીલાલ-૮૮૫૦૬૦૭૪૨૬.

4/1/1 --------- (1-4)






**મોટી ખાખર**ના **અ.સૌ. રેખાબેન રમણીકલાલ ગંગર** (ઉ. વ. ૭૯) ૧૮-૧૧-૨૪ના અવસાન પામ્યા છે. રમણીક કેશવજીના ધર્મપત્ની. સોનબાઈ કેશવજી દેવરાજના પુત્રવધુ. ચિંતન, કાશ્મીરા, બીજલ, પુર્વીના માતુશ્રી. શ્વેતા, કોડાય હીતેન વિશનજી, કાંડાગરા વિપુલ વસનજી, કારાઘોઘા બીપીન ડુંગરશીના સાસુ. શૌર્યના દાદી. પુજા, પાર્થ, વિરાજ, હીર, મલીશ્કાના નાની. રાજના નાની સાસુ. શ્રેયા, અનવીના (ભાવિ)નાની સાસુ. મંજુલા લક્ષ્મીચંદ, નીતા વિજયના જેઠાણી. ગેલડા સંયમપંથી કલ્યાણજી, બારોઈ ચંચળબેન ખીમચંદ, કપાયા કસ્તુરબેન દેવચંદ, ભારાપર રતનબેન સુમનના ભાભી. મો. ખાખર શામજી દેવરાજ, ગેલડા મુરીબાઈ કલ્યાણજીના ભત્રીજા વહુ. કપાયા નાનબાઈ નાનજી જેઠાના પુત્રી. હસમુખ, છસરાના પુષ્પા મણીલાલ, ગુંદાલા મધુ ચીમનલાલ, રતાડીયા ચંદન જાદવજી, ગેલડા ભારતી ભરત, ગોધરા અનીલા બીપીનના બેન. સરલાના નણંદ. કપાયા પ્રેમજી, કુંવરજી, તલકશી જેઠા, વડાલા ચંચલબેન લાલજીના ભત્રીજી. બાલાપુરના શોભના દિપકભાઈ, કોડાય નેણબાઈ વિશનજી મોરારજી, કાંડાગરા કુંકુબેન વસનજી નરશી, કારાઘોઘા દમયંતી ડુંગરશી મુલજીના વેવાણ. **પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૩ થી ૪.૩૦.** નિ. આર.કે.ગંગર, બી/૮૦૨, ઈડન ગાર્ડન, મહાવીરનગર, કાંદીવલી (વે.), મું. ૬૭. મો. ૯૮૯૨૭૩૪૬૪૩.

4/1/1 --------- (1-5)

**શરતચુકથી નામ રહી ગયેલ છે ક્ષમાયાચના**

તા. ૧૯-૧૧-૨૪ની પત્રીકામાં આવેલ બિદડાના અ.સૌ. રંજનબેન નરેન્દ્ર વીરાના પ્રાર્થનાના પાનામાં નાની-નાના : પુરબાઈ ઉમરશી શીવજી સૈયા-ગેલડા, મામા-મામી : ઝવેરબેન કુંવરજી સૈયા-ગેલડા, વસનજી ઉમરશી સૈયા-ગેલડા, માસા-માસી : વેલબાઈ ખીમજી દેવરાજ વોરા-નવીનાળ, પ્રભાબેન હીરજી શીવજી મારૂ-બેરાજા. નામો ઉમેરીને વાંચવા વિનંતી. ભુલ માટે ક્ષમાયાચના. લિ. પરીવારજનો.

4/1/1(18) --------- (A-15706)(1-6)

**(JYF) જૈન યુથ ફોરમ**

**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

સુખડ, ચંદન પાવડરનાં વપરાશની મર્યાદા. (વૃત્તિ સંક્ષેપ કરવા).

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(19) --------- (A-15704)(1-7)

**શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન મુંબઈ શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂ.પૂ. સંઘ કારતક વદ નોમ, રવિવાર તા. ૨૪-૧૧-૨૦૨૪ સમૂહ સ્નાત્ર પુજા સવારનાં ૬.૪૫ વાગે**

● શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ તીર્થે શ્રી ઘાટકોપર સંઘનાં પ્રાંગણે અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તી પ.પૂ. ગુરૂ ભગવંતોની નિશ્રામાં સમૂહ સ્નાત્ર પુજા રાખવામાં આવેલ છે.

● શ્રી જીરાવલ્લા યુવક મંડળ, શ્રી જીરાવલ્લા સ્નાત્ર મંડળની સંગાથે સંગીત-વાંજીત્ર સાથે સમૂહમાં સ્નાત્ર પુજા ભણાવવામાં આવશે.

● લાભાર્થી પરીવાર : હેતલ ભાવિક શાહ-ગામઃ ભુજપુર-ઘાટકોપર.

● રવિવાર, તા. ૨૪-૧૧-૨૦૨૪, સવારનાં ૬.૪૫ વાગ્યે.

● શ્રી સકળ સંઘનાં શ્રાવકો-શ્રાવિકાઓએ વહેલાસર પધારી જીરાવલ્લા દાદાનો પક્ષાલ-પુજા કરી સમૂહ સ્નાત્ર પુજામાં પધારવા વિનંતી. જય જીરાવલ્લા. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(24) --------- (❖)(2-1)

**શ્રી કચ્છ પત્રી ચંદ્રપ્રભ ભગવાન જૈન દેરાસર**

શ્રી ચંદ્રપ્રભ દાદા તથા પુજ્ય ગુરૂભગવંતોની અસીમ કૃપાથી શ્રી જિનાલયની ૧૫૯મી વર્ષગાંઠે તા. ૨૫-૧૨-૨૦૨૪ તથા ૨૬-૧૨-૨૦૨૪ના ધ્વજા રોહણ મહોત્સવ ઉજવાશે. આ પ્રસંગે સકળ સંઘનાં ભાઈ-બહેનો તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

● તા. ૨૫-૧૨-૨૦૨૪નાં બપોરે અઢાર અભિષેક સંગીતમય ભાવપૂર્વક પુજન ભણાવવામાં આવશે.

● ગંભારાનાં ત્રણ પ્રભુજી સિવાયના અન્ય ૧૪ (ચૌદ) જિનબિંબો તથા રંગ મંડપમાં બીરાજીત શ્રી શાંતિનાથ પ્રભુજી તથા શ્રી પંચધાતુ પ્રતિમાજી અને શ્રી યંત્ર પ્રતિમાજીનાં અભિષેક સાથે દરેકનો નકરો રૂા. ૧૫૦૦/- રાખવામાં આવ્યો છે.

● ઈચ્છુક વ્યક્તિઓ (કુટુંબ દીઠ એક) પોતાનાં નામો તા. ૦૫-૧૨-૨૦૨૪ સુધી નોંધ કરાવવા વિનંતી. સંપર્ક : શ્રી ધીરજભાઈ-૯૩૨૩૧૨૦૬૦૦ તથા શ્રી હરેશભાઈ-૯૮૨૧૩૮૮૩૩૨ (સમય : સાંજે ૪.૦૦ થી ૬.૦૦) એક જ જિનબિંબ માટે વધારે નામો આવતા યોગ્ય સમયે ડ્રો કરવામાં આવશે.

● શ્રી મુળનાયક શ્રી ચંદ્રપ્રભ દાદા તથા તોરણીયા પ્રભુજી શ્રી વાસુપુજ્ય સ્વામી તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનાં અઢાર અભિષેકનાં ચડાવા/આદેશ મહોત્સવનાં પ્રથમ દિવસે તા. ૨૫-૧૨-૨૦૨૪ના સવારે પુજ્યશ્રીનાં વ્યાખ્યાન દરમ્યાન આપવામાં આવશે.

● અઢાર અભિષેક દરમ્યાન શ્રી ચંદ્રપ્રભ દાદાની મુખ્ય ધ્વજા તથા શ્રી મહાવીર સ્વામી ચૌમુખજી જિનાલયની ધ્વજા સિવાયની અન્ય ધ્વજાઓનાં ચડાવા/આદેશ આપવામાં આવશે.

● તા. ૨૫-૧૨-૨૦૨૪ના સાંજે પ્રભુભક્તિ સંગીત સાથે ભાવના.

● તા. ૨૬-૧૨-૨૦૨૪ના સવારનાં શ્રી સત્તરભેદી પુજા ભણાવવામાં આવશે. પુજા દરમ્યાન સર્વે ધ્વજાના લાભાર્થીને લાભ આપવામાં આવશે. ત્યાર બાદ ધ્વજા રોહણનો લાભ લેવામાં આવશે.

● આગામી વર્ષે શ્રી જિનાલયની ૧૬૦મી વર્ષગાંઠે મુખ્ય ધ્વજા તથા શ્રી ચૌમુખજી જિનાલયની ધ્વજાનાં ચડાવા/આદેશ ઉપરોક્ત બંન્ને દિવસોએ ધાર્મિક અનુષ્ઠાન દરમ્યાન આપવામાં આવશે.

● વધુ વિગતો આગામી પત્રીકામાં યોગ્ય સમયસર જણાવાશે. લિ. ટ્રસ્ટીગણનાં જય જિનેન્દ્ર.

4/1/1(8) --------- (A-15668)(2-2)

**શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ**

226-232, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, જૈન દેરાસર, મું.-9. ફો. 23475133 / 23455464

## કચ્છી ભવન પાલીતાણા - ફાગણી તેરસ બુકીંગ

તીર્થાધીરાજ શત્રુંજય મહાતીર્થની ફાગણી તેરસની જાત્રા (ફાગણ સુદ-૧૩, મંગળવાર, તા. ૧૧/૩/૨૦૨૫) નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફાગણી તેરસ માટે બુકીંગ કરાવવા ઈચ્છતાં યાત્રીકોએ બુકીંગ ફોર્મ મહાજનશ્રીના ભાતબજાર કાર્યાલયથી મેળવી તા. ૭/૧૨/૨૦૨૪ સુધી ભરી જવા.

**આવેલ ફોર્મમાંથી તા. ૧૦.૧૨.૨૦૨૪ના સવારના ૧૧ કલાકે મહાજનશ્રીના કાર્યાલયમાં ડ્રો કરવામાં આવશે, જેમાં અરજકર્તા પોતે હાજર રહી શકશે.**

**ફોર્મ દીઠ એક વ્યક્તિ એક જ બ્લોક માટે અરજી કરી શકશે.**

**લિ. શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન-મુંબઈ • પાલિતાણા સમિતિ**

**શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ**

226-232, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, જૈન દેરાસર, મુંબઈ- 400009. ફો. 23475133 / 23455464

## પ્રેરક દ્રષ્ટાંત-૧૯ (Motivational Story -19)

### મોતીશા શેઠની કરુણા

'અરે કોઈ છે કે? જરા મુનીમજીને બોલાવો તો' મરણ પથારીએ પડેલા શેઠ મોતીશાએ એકાએક બૂમ મારી.

શેઠનું સમગ્ર જીવન-ધર્મમાર્ગે વ્યતિત થયું હતું. એમની નસેનસમાં ધર્મ વ્યાપી ગયો હતો. જેવા હતા શેઠ, ભગવાનના ભક્ત, એવા જ હતા એ ગરીબોના મિત્ર અને એવા જ હતા જાતે પવિત્ર!

દેહ છોડતાં પહેલાં હજીયે કોક સુંદર સુકૃત કરી જવાની ભાવનામાં શેઠ રમતા હતા. સુકૃતના ઢગલા ખડકી નાખ્યા. પછી પણ એમને હજી સંતોષ થયો ન હતો.

થોડી જ વારમાં મુનીમજી આવી ગયા. શેઠે કહ્યું, 'મુનીમજી, સાધારણ કહી શકાય એવા ગરીબ લોકોનું આપણા ચોપડે લેણું કેટલું નીકળે?'

'હમણાં જ ચોપડો જોઈને આપને જણાવું છું.' મુનીમે કહ્યું.

એકાદ કલાક પસાર થયો, ચોપડો લઈને શેઠ પાસે આવીને મુનીમજીએ કહ્યું 'શેઠજી! લગભગ એક લાખ રૂપિયાનું લેણું નીકળે છે'

'મુનીમજી! બધુંય લેણું માફ કરી દો. એની માંડવાળ કરી નાખો. હા....

મારી હાજરીમાં જ... મારે પૈસો જોઈતો નથી, મારે તો એ દીન, દુઃખિતોની દુઆ જોઈએ છે. લાખ રૂપિયે પણ ન મળે એવી દુઆ જ મને કમાવા દો. વાણિયો છું... ખરો વાણિયો છું... સો-બસો જતા કરીને લાખો રૂપિયાની દુઆ મેળવીશ'

એક પછી એક દેણદાર - ગરીબ આવતો ગયો. શેઠની હાજરીમાં એ ચોપડે માંડવાળ થતી ચાલી. એકમેકના મોં ઉપર અપાર આનંદ જોઈને મોતીશા શેઠનો આત્મા નાચી ઉઠ્યો.

**ધન્ય છે દયાના આવા સાગરોને..**

**સં. પ.પૂ. આ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

લિ. મંત્રીઓ

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ**

૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨

www.kvoss.org

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

તા. ૨૦ નવેમ્બર માટે માતુશ્રી સાકરબાઈ પોપટભાઈ (ખીમજી) કોરશી શાહ/સાવલા (ગોધરા)ની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે દીકરી બચ્ચુબાઈ ઉર્ફે પ્રેમકુમારી દેવચંદ ગાલા (રાયણ) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(17) --------- (A-15698)(2-7)

**શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા**

શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજની વર્ષ ૨૦૨૩-૨૪ની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના બપોરે ૩.૦૦ કલાકે શ્રી ક. વિ. ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ૧લે માળે, ૯૯/૧૦૧, કે. ના. રોડ, ચીંચબંદર, મુંબઈ -૯ મધ્યે નીચે જણાવેલ કામકાજ માટે મળશે.

કાર્યસૂચી

● ગત મળેલ વાર્ષિક સામાન્ય સભાનાં કાર્યનોંધનું વાંચન અને બહાલી.

● ગત મીનીટ્સમાંથી ઉદ્ભવતાં મુદ્દાઓ અંગે રજુઆત.

● વર્ષ ૨૦૨૩-૨૦૨૪નાં ઓડિટેડ હિસાબોની રજૂઆત અને બહાલી.

● આગામી ૨૦૨૪-૨૫ માટે ઓડિટરની નિમણૂંક અને મહેનતાણું નક્કી કરવા.

● ગત વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલની રજુઆત.

● ભાવિ પ્રવૃત્તિઓ વિશે જાણકારી અને ચર્ચા-વિચારણા.

● પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે.

● નોંધ : કોરમના અભાવે મુલતવી રહેલ સભા તે દિવસે તે જ સ્થળે અડધા કલાક પછી મળશે અને તે કાયદેસર ગણાશે.

● વર્ષ ૨૦૨૩-૨૪ હિસાબી ચોપડા સંસ્થાનાં કાર્યાલયે સંસ્થાનાં સભ્યો માટે સોમવાર તા. ૨૩ ડિસેમ્બર ૨૦૨૪ થી ગુરૂવાર ૨૬ ડિસેમ્બર ૨૦૨૪, સમય ૧૨ થી ૪ દરમ્યાન ખુલ્લા રાખવામાં આવશે. (આધારકાર્ડ લાવવું જરૂરી છે.)

● હિસાબી બાબત પ્રશ્નો લેખિતમાં ગુરૂવાર તા. ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધી સ્વીકારાશે.

● લિ. હેમલ હીરજી પાસડ, પ્રવિણચંદ્ર ઠાકરશી દેઢિયા, સી.એ. સુનિલ વલભજી દેઢિયા. (માનદ્ મંત્રીઓ)

4/1/1(16) --------- (A-15699)(2-8)

સુધારો : શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન બોરીવલીનાં સભ્યોની વાર્ષિક સામાન્ય સભા તા. ૦૨-૧૨-૨૪ના સોમવાર રાત્રે ૮ કલાકે રાખેલ છે એમ સુધારીને વાંચવું.

4/1/1 --------- (2-9)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

## શ્રી બિદડા એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડો. દામજી વીરજી હરીયા કેળવણી ફંડ

ઉપરોક્ત સંસ્થા દ્વારા ઉચ્ચ અભ્યાસ અર્થે દેશ/વિદેશમાં ઈચ્છુક જરૂરીયાતમંદ વિદ્યાર્થી ઓને લોન આપવામાં આવે છે. વિદ્યાર્થી ઓએ નીચે મુજબ સંસ્થાનાં પ્રતિનિધિનો સંપર્ક કરવો. પરેશ છેડા–9821275133, સોનલબેન શાહ–9833042913. લિ. મંત્રીઓ : દિપેશ છેડા–મનીષ શાહ.

4/1/1(4) --------- (A-15725)(3-1)

### JOB VACANCIES : ECOMATE PRODUCTS

REQUIRED - FEMALE / MALE. FOR TELECALLING. TIME : 9.30 AM TO 7.00 PM. JOB LOCATION : MULUND COLONY, MULUND (WEST) INTERSTED CANDIDATES CONTACT : JAYESH HARAKHCHAND CHHEDA - 9820138448.

4/1/1(31) --------- (B-15718)(3-2)

### જોગેશ્વરી નગરે અચલગચ્છ ભવને શાહી અડદીયા પાક–ગુંદર પાક–ખજુરપાક

શ્રી જોગેશ્વરી નગરે અચલગચ્છ ભવન મધ્યે જાત દેખરેખ હેઠળ બનાવેલ શુધ્ધ, સાત્વિક, ઉચ્ચતમ ગુણવત્તાવાળુ, વસાણાથી ભરપુર, સ્વાસ્થ્ય વર્ધક શાહી અડદીયા પાક, શાહી ગુંદરપાક, સુગર ફ્રી ડ્રાયફ્રુટ ખજુર પાક તૈયાર છે. સંપર્ક : 9870061749, 9920818123, 9321793493. નીચેનાં સેન્ટરોમાં ઉપલબ્ધ છે. (૧) ભાવેશ સાવલા, કે-૯, દાણા બંદર, વાશી–9867545773. (૨) મામલ ફુડ, શોપ નં. ૧, કોટેશ્વર એપા., R.H.B. રોડ, મુલુંડ (વે.) 8693835501. (૩) વિપુલ સાવલા, આનંદ અમૃત CHS પાર્લા (ઈ.) 9819832047, 9833502131. (૪) પારસ મસાલા, જુના નાગરદાસ રોડ કોર્નર, અંધેરી (ઈ.) 9867374236. (૫) છેડા સેલ્સ, કિરણ ઈન્ડ. એસ્ટેટ, ગોરેગામ (વે.) 9619533889. (૬) નવ જનતા સ્ટોર્સ નર્સીંગ લેન, મલાડ (વે.) 9820473690. (૭) વિધિ ગૃહ ઉદ્યોગ, શાંતીનગર, મીરા રોડ–9987980437. (૮) ઝરણા ગૃહ ઉદ્યોગ થાણા (વે.) 9920550313, 9372822763. (૯) ગુડલક જનરલ સ્ટોર્સ, Opp. વાડીયા સ્કુલ અંધેરી (વે.) 9326631338, 9819983556. (૧૦) ધવલ મહેન્દ્ર દેઢીયા, એમ.જી. કોમ્પલેક્ષ, વાશી. 9930688465, 9004706978. (૧૧) પ્રીતી મારૂ, આરે રોડ, ગોરેગામ (ઈ.) 7021023799. (૧૨) પી.કે. જનરલ સ્ટોર્સ, કેન્ટ ટાવર, બોરીવલી (વે.) 9324781606, 9594956338. (૧૩) મનીષ સ્ટોર્સ, ૭ મહાવીર દર્શન, જગડુશા નગર, ઘાટકોપર. 8291786028. (૧૪) છેડા પ્લસ, મોદી ચાલ, Opp. Seasons, સ્ટેશન રોડ, શાંતાક્રુઝ (વે.) 9757013150. (૧૫) બીપીન સાવલા, સીનેમેક્ષની બાજુમાં, કાંદીવલી (વે.) 9869586046, 9967801401. (૧૬) મારૂતી મસાલા માર્ટ, ભાતબજાર. 9833628381. (૧૭) શાહ વાલજી નાયા, દત્ત મંદિર રોડ, મલાડ (ઈ.) 9870708910, 9819202352. (૧૮) શ્રી આણંદજી પ્રેમજીની કાં. પ્રાર્થના સમાજ. 9833286147.

4/1/1(33) --------- (B-15737)(3-3)

### દેશ વિદેશ કુરિયર 24x7

Documents, Medicine, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે Sample / Freight Econamic Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો. Vacuum Packing Available. Free Pick Up Service. PAC N DELIVER. M. 8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(3) --------- (B-15352)(3-4)

### એકાઉન્ટન્ટ

દાદર સ્થિત ગારમેન્ટ ઓફિસમાં ફુલ એકાઉન્ટસનાં અનુભવી યુવક/યુવતી ફુલ ટાઈમ માટે જોઈએ છે. હીતેશ ગાલા–9821154588.

4/1/1(5) --------- (B-15666)(3-6)

### મસા, તલ, ચરબીની ગાંઠ, કોર્ન, કપાસીયા લેઝર ટ્રીટમેન્ટ તપાસ કેમ્પ

૨૦-૧૧, ૨૧-૧૧, ૨૨-૧૧. બુધ, ગુરૂ, શુક્ર. રજીસ્ટ્રેશન ફી ૨૦૦ રૂા. સ્થળ : દિયા હેલ્થ કેઅર, ત્વચા, નખ, લેઝર, હેઅર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર, ૧૦૨, બિલેશ્વર ટાવર, પહેલા માળે, પાંચ રસ્તા, સંદીપ હોટેલની સામે, મુલુંડ (વે.) સમય : ૧૧-૪. સંપર્ક : ૯૮૨૦૭૪૮૮૪૦, ૦૨૨-૩૧૯૦૬૦૨૩.

4/1/1(15) --------- (B-15679)(3-7)

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

## શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

આયોજીત

GALA SPRINGS — માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા) — INTERNATIONAL INDUSTRIAL SPRINGS

પ્રાયોજીત

ક.વિ.ઓ.સેવા સમાજની પર્સનાલિટી ડેવલપમેન્ટ કમિટી આયોજીત

સમાજની

BINDASS BOL

### રાષ્ટ્રીય સ્તરની વકતૃત્વ સ્પર્ધા
### બિન્દાસ બોલ - ૨૦૨૪ (વર્ષ ૩૮ મું)

*A tool for self development*

તમારા તરફથી મળેલ પ્રચંડ પ્રતિસાદ બદલ ખૂબ ખૂબ આભાર

શ્રી કવિઓ સેવા સમાજનો પ્રથમ રાઉન્ડ તા. ૨૪-૧૧-૨૦૨૪ના યોજેલ છે.

સ્થળ : માતુશ્રી વેલબાઈ સભાગૃહ, માટુંગા, પહેલે માળે

આપને સહુને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સહ સ્નેહ આમંત્રણ.

સવારના ૮.૩૦ વાગે ચા નાસ્તો અને રજીસ્ટ્રેશન શરૂ થઈ જશે...

આપ સહુને સમયસર પધારવા વિનંતી.

સ્પર્ધામાં ભાગ લેવા છેલ્લા ૩ દિવસ બાકી છે માટે જલ્દીથી રજીસ્ટ્રેશન કરો

આ QR કોડ સ્કેન કરી અથવા લિંકથી આપ ઓનલાઈન ફોર્મ ભરી શકશો.
https://tinyurl.com/Bindass-bol-2024

| સેમી ફાઈનલ્સ : ૧-૧૨-૨૦૨૪ | ફાઈનલ્સ : ૮-૧૨-૨૦૨૪ |
| --- | --- |
| ધનજી દેવજી રાષ્ટ્રીયશાળા, ઘાટકોપર | ઝવેરબેન ઓડીટોરીયમ, ઘાટકોપર |
| સમય : સવારના | સમય : સવારના |

વિગતવાર માહિતી ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે.

Video Entry મોકલવાની છેલ્લી તા.૨૮-૧૧-૨૦૨૪

(*1145)

Video Entry મોકલવા અને વધુ વિગત માટે સંપર્ક : ફાલ્ગુની સાવલા - 8451910298

લિ. વ્યકિતત્વ વિકાસ સમિતિ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

### અંધેરીમાં 'ચીરાગ આર્ટસ' ની અમેરીકન ડાયમંડ & ફોરમીંગ જ્વલરીનું શુક્રવારે સેલ

લગ્ન સરાનાં અનેક શુભ પ્રસંગોમાં ડીઝાઈનર જ્વેલરી જે પહેરતા કોમ્પલીમેન્ટસ મળે અને જોખમ રહીત લેટેસ્ટ ડીજાઈનો પહેરી રીયલ જ્વેલરી જ પહેરી હોય એવી અનુભુતી કરવા મીના ગાલા (ગેલડા/નાની ખાખર)નું વેડીંગ કલેક્શન અંધેરી (ઈસ્ટ)નાં એક્ઝીબીશનમાં જોવા આવજો.

● અંધેરીમાં તા. ૨૨-૧૧, શુકરવારનાં અંકિતા કેવલ ગાલા (સાડાઉ)નાં ઘરે ટા. ૨ થી ૮. એડ્રેસ : સી/૪૦૩, બામનપુરી, જે.બી.નગર, મહાવીરમાર્ગ, ગણેશ મંદિરની બાજુમાં, અંધેરી (ઈ.).

● અંધેરી સેલ કમ એક્ઝીબીશનમાં (૧) મોતી સેટસ (૨) અમેરીકન ડાયમંડનાં નેક્લેસ સેટસ, પેન્ડલ બુટ્ટી સેટસ, ઓપનેબલ બેંગલ્સ, બ્રેસલેટસ, બાલીઓ, વીંટીઓ (૩) ગોલ્ડ રોડ્યમનાં 24 K સોનું ચઢાવેલા ચેનો અને ચંદનહાર મળશે. ચીરાગ–9619453802.

4/1/1(12) --------- (B-15682)(3-5)

### જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે. એમ.જી. ક્લીનીકને) 0% EMI ફેસીલીટી મળશે. (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી.) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઈતર સમાજ માટે. દાંતનું ચેક અપ મફત. દાંત કાઢવાના - ૩૦૦/- (ઓપરેશન વગર). રૂટ કેનાલ - ૧૦૦૦/-. એક્રેલીક દાંતની કેપ - ૪૦૦/-. સીરામીક કેપ - ૨૦૦૦/-. ઝેરકોનીયા કેપ - ૫૨૦૦/-. દાંતની બત્રીસી - ૯૦૦૦/-. ડેન્ટલ ઈમ્પલાન્ટ - ૨૨૦૦૦/-. દાંતના ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણશીભાઈ ગાલા, જે.એમ.જી. ક્લીનીક (અંધેરી વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રિસ્ટલ ક્લેર આઈ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી વેસ્ટ રેલ્વે સ્ટેશનની સામે. 8433742300, 022-49784878.

4/1/1(11) ------ (B-15684)(3-8)

### ક્રીસ્ટલ ક્લીયર આંખની હોસ્પીટલ અંધેરી (વે.) (હવે ગ્રાઉન્ડ ફ્લોરમાં, નાડકોની બાજુમાં)

આંખની સંપુર્ણ સારવાર (આપણાં સમાજ માટે) ફક્ત ૪૫૦૦ માં ફોલ્ડેબલ લેન્સની સાથે લેઝર (ફેકો) દ્વારા મોતીયોનાં ઓપરેશનની શરૂઆત. ૪,૫૦૦ થી ૧,૩૫,૦૦૦ સુધી ના ઓપેરશન માટે 0% EMI ફેસિલિટી મળશે ( પૂર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી), સંપૂર્ણ મેડિકલેઈમ કવરેજ મળશે ૧) લેઝર દ્વારા મોતિયાનું ઓપરેશન (ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ મલ્ટિફોકલ લેન્સની સુવિધા, લેટેસ્ટ હાયબ્રીડ લેન્સ ઈમ્પ્લાન્ટ), (લેટેસ્ટ હાયબ્રીડ લેન્સ પેકેજ ફક્ત ૭૦,૦૦૦) ૨) ડાયાબિટીસ ના દર્દી માટે આંખના પડદાની તપાસ તથા પડદા ના લેઝર અને ઈન્જેકશનની સુવિધા, (ડાયાબિટીસ માટે પડદાના ઈન્જેક્શન ફક્ત ૮૦૦૦/- માં ૩) ખસી ગયેલા આંખના પડદા નું ઓપરેશન (ફક્ત ૩૫,૦૦૦ માં ૪) ઝામર નું સંપૂર્ણ ડાયગ્નોસિસ અને ટ્રીટમેન્ટ, (ઝામરનું ઓપરેશન ફક્ત ૨૫,૦૦૦ માં ૫) ત્રાંસી આંખ ને સીધી કરવાનું ઓપેરશન, (ફક્ત ૨૫,૦૦૦ માં) ૬) ચશ્મા ના નંબર કાઢવાનું ઓપેરશન, (ફક્ત ૨૫,૦૦૦ માં) ૭) નાના બાળકો ના આંખ ની તપાસ અને સાચા ચશ્મા ના નંબર મળશે. ૮) જસ્ટ બોર્ન બેબી ના આંખ ના પડદા ની તપાસ. સમય - સવારે નવ વાગ્યા થી સાંજે નવ વાગ્યા સુધી (9 am to 9 pm) ફોન : ૭૭૧૮૮૮૫૨૪૫, ૦૨૨-૪૯૭૮૪૮૭૮. લોકેશન : બી-૧૨૫, ગ્રાઉન્ડ ફ્લોરમાં, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની પાછળ, એસ.વી.રોડ, અંધેરી (વેસ્ટ) રેલ્વે સ્ટેશનની સામે. રજીસ્ટ્રેશન ફી ૫૦૦ રૂપીયા (મફત પડદાનો ફોટો) ડો. જીગ્નેશ મણશીભાઈ અવચર ગાલા (મોતીયાનાં અને આંખના પડદાના ડોક્ટર) (FRCS (Glasgow) (UK), MRCS (Edinburgh) (UK), FICO (London), FLVPEI) (Hyderabad) (રાહત દરની સુવિધા ફક્ત નવેમ્બર અને ડીસેમ્બર મહીના માટે) પત્રીકાની જાહેરાત સાથે લઈ આવવા વિનંતી.

4/1/1(10) --------- (B-15691)(3-9)

### કાંઈક જાણવા જેવું, સેમીનાર મલાડ (વે.)

કાંઈક જાણવા જેવું કાંઈક સમજવા જેવુ (જીવન વિમા) ઉમર ૪૦ થી ૭૦ વર્ષનાં સર્વ ભાઈઓ-બહેનો માટે આવનાર સર્વેને સરપ્રાઈઝ ગીફ્ટ સાથે જમવાનું પણ તા. ૨૧-૧૧-૨૪નાં ગુરૂવાર સવારે ૧૧ વાગે થી ૧ સુધી. મલાડ (વે.) માં રજીસ્ટ્રેશન જરૂરી. રીટા મારૂ–9819938977.

4/1/1(14) --------- (B-15680)(3-10)

### મલાડ કચ્છી જૈન ફાઉન્ડેશન હાડવૈદ્ય હાસમ ખત્રીનો કેમ્પ

કચ્છ મુંદ્રાનાં હાડવૈદ્ય હાસમ ખત્રીનો કેમ્પ મલાડમાં તા. ૨૪-૧૧-૨૦૨૪ (રવિવાર) સવારનાં ૯ થી ૫ દરમ્યાન રાખેલ છે. જેમાં શરીરનાં વિવિધ રોગોનું નિરાકણ, સાયટીકા, સ્પોન્ડીલાઈટીસ ફ્રોઝન શોલ્ડર, ઘુંટણનાં દુઃખાવા, સાંધાનું પકડાઈ જવું. કમર,એડી મણકાની તકલીફ, હાડકાનું ડીસ લોકેશન, અન્ય રોગોનો ઈલાજ કરવામાં આવશે. એમાં સર્વે જ્ઞાતિજનો લાભ લઈ શકે છે. દર્દીનું નામ અને મોબાઈલ નંબર રજીસ્ટર કરાવવું જરૂરી છે. નામ લખાવવા માટે સંપર્ક : દીપ્તીબેન સાવલા (તુંબડી) 9833863615, ગ્રીષ્મા ગંગર (નાંગલપુર) 8080726030. વ્યક્તિ દીઠ ચાર્જ ૨૫૦ રૂા. અન્ય માહીતી માટે મંજુલા દેઢીયા (ગુંદાલા) ૯૭૬૯૪૦૫૦૨૩. કેમ્પનું એડ્રેસ : ઉમરશી બીલ્ડીંગ, એસ.વી.રોડ, મલાડ શોપીંગ સેન્ટરની સામે, મેટ્રો શુઝની બાજુમાં, મલાડ (વેસ્ટ) લિ. મંત્રીઓ. જાહેરાતનાં સૌજન્ય દાતા : એક સદ્ગૃહસ્થ પરીવાર.

4/1/1(25) --------- (A-15728)(3-11)

# મહિલા સંસ્થા સમાચાર

**શ્રી ગઢશીશા સાહેલી મંડળ 'પીકનીક' તા. ૨૬-૧૧-૨૪, મંગળવાર 'નેશનલ પાર્ક બોરીવલી'**

સવારનાં ૧૦ કલાકે ને. પાર્કની ટીકીટ બારી પાસે આવવું.

● પેન અને પાણી સાધન સાથે લાવવા.

● રૂા. ૨૦૦/- ભરી મેમ્બર બહેનો નામ લખાવો.

● ભોજન અને અલ્પાહારની વ્યવસ્થા સાહેલીઓ સંગાથે પાર્કની મજા અને ધમાલ મસ્તી અવિસ્મરણીય ! પીકનીકની મોજ.

● નવેમ્બર નસીબવંત જન્મ દિવસની 'ઉજવણી' કેક કટીંગ દ્વારા.

● સવારનાં ૧૦ થી સાંજના ૬ સુધીનો ભરચક પ્રોગ્રામ.

● મંડળને મળેલ અનુદાનની શુભેચ્છા-ધન્યવાદ.

● રૂા. ૧૧૦૦૦/- માજી પ્ર. શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત શાહનાં પ્રપૌત્ર ખુશાલી જયેશનાં પૌત્ર ચિ. મૌસમ હર્ષીલનાં પુત્ર ચિ. ધ્યાનનાં જન્મ ખુશી પ્રસંગે.

● રૂા. ૨૫૦૦/- શ્રીમતી નુતન શાંતીલાલ દેઢીયાની સુપુત્રી 'નાટ્યમ પુજા' દ્વારા પ્રી નવરાત્રી નાટયમ ગરબાની સફળ ઈવેન્ટ બદલ.

● રૂા. ૨૫૦૦/- શ્રીમતી નીતા રાજેશ ગડાનાં જન્મ દિવસ પ્રસંગે.

● રૂા. ૧૧૦૦/- શ્રીમતી પુષ્પા વિસનજી દેઢીયાનાં જન્મ દિવસ પ્રસંગે.

● રૂા. ૧૧૦૦/- શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત શાહનાં જન્મ દિવસ પ્રસંગે.

● રૂા. ૧૦૦૦/- શ્રીમતી રસીલા હરખચંદ દેઢીયાના જન્મ દિવસ પ્રસંગે. લિ. મંત્રીઓ.

4/1/1(7) -------- (A-15670)(4-1)

**મોટી ખાખર મહીલા મંડળ પીકનીક આપણો ખેલ મહોત્સવ તા. ૨૫-૧૧-૨૪નાં છે**

તમે સૌએ ખુબ જ ટુંકા સમયમાં સાથ આપીને તેને હાઉસફુલ કરી દીધો છે તે બદલ આભાર. આગામી હાફ ડે પીકનીકનું તારીખ : ૬-૧-૨૫ના હેંગીંગ ગાર્ડનમાં આયોજન કરવામાં આવ્યું છે. સમય : ૩ થી ૬ કલાકનો રહેશે. જેમને પણ આ પીકનીકમાં ભાગ લેવો હોય તેમને રૂા. ૧૫૦ નું કવર બનાવી અમને ખેલ મહોત્સવનાં સ્થળ પર પોતાનાં નામ અને નંબર સાથે આપી દેવું. આમાંથી જે સખીયો પીકનીક પર આવશે તેમને મંડળ ૫૦ રૂા. પાછા આપશે. આગામી કાર્યક્રમ માટે દાતા આવકાર્ય છે. જેમને પણ ઈચ્છા હોય તેમણે સોનલબેન-9833766822, દીનાબેનનો-9619909063 સંપર્ક કરવો. લિ. કમીટી. તમારા ઘરે આવતા શુભ પ્રસંગે મંડળને જરૂરથી યાદ કરજો. જા.સૌ. દાતા : શ્રીમતી ચંદનબેન વીરેન્દ્ર વોરા હસ્તે શ્રીમતી લીઝા સમીર દેઢીયા અને શ્રીમતી એના હેરીલ સંઘવી.

4/1/1(13) -------- (A-15681)(4-2)

**કચ્છી મહીલા ફેડરેશન-ડોંબીવલીમાં હાઉઝી તા. ૨૪ નવે. નવનીત નગરમાં**

ડોંબીવલી તથા આજુબાજુનાં સેન્ટ્રલ પરાની મહીલાઓ માટે અવનવી હાઉઝી ઈનામો સાથે તા. ૨૪ નવે. રવિવાર, બપોરે ૪.૩૦ કલાકે નવનીત કોમ્યુનીટી હોલ, નવનીત નગર, ડોંબીવલી (ઈ.) મધ્યે મેડીક્લેઈમ પ્રીમીયમનાં સહાયનાં ફોર્મ ભરાયા બાદ રમાડવામાં આવશે. સર્વેને સમયસર પધારવા વિનંતી. લિ. મહીલા મેડીકલ ફંડ મુખ્ય કમીટી.

4/1/1(23) -------- (A-15707)(4-3)

**કચ્છી મહીલા ફેડરેશન**
**આજે બુધવારે કાર્યાલય બંધ**

જયાબેન વિસનજી મારૂ (બિડડા) મહીલા મેડીકલ ફંડનાં કાર્ય માટે બુધવાર, તા. ૨૦-૧૧-૨૪નાં કાર્યાલય બંધ રહેશે. શુક્રવાર, તા. ૨૨-૧૧-૨૪નાં કાર્યાલય ચાલુ રહેશે. લાભાર્થીઓએ ૪ થી ૫.૩૦માં આવવું. લિ. મહીલા મેડીકલ ફંડ મુખ્ય કમીટી.

4/1/1(2) -------- (A-15705)(4-4)

# શૈક્ષણિક

**સ્વજનની સ્મૃતિને યોગ્ય તર્પણ સોનગઢ રત્નાશ્રમ**

આ કાળમાં જન્મ, જરા અને મૃત્યુથી કોઇ બચી નથી શક્યું. પરંતુ જે વ્યક્તિ આ વાતને સુપેરે જાણીને એને હૃદયસ્થ કરે અને એવી સાધના આદરે તો એને આ ભવ નહીં તો પછીનાં ભવમાં વહેલામાં વહેલી તકે જન્મ, જરા અને મૃત્યુને જાકારો આપીને સિધ્ધપદ પામી શકે છે. ગામ : કોડાય-પ્રભાદેવીનાં સ્વ. શ્રી લક્ષ્મીચંદ નાનજી વિસરીયાની તા. ૨૦-૧૧-૨૦૨૪નાં રોજ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પરીવારજનોએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી ખુબ જ અનુકરણીય કાર્ય કર્યું. જ્યાં સમાજનાં ૫૨૦ જેટલા બાળકો ભણતર સાથે ઘડતરનાં પાઠ લઈ રહ્યા છે. લિ. હર્ષ ધારશી દેઢીયા-ભૂ.વિ.મંડળ સભ્ય-ભુજપુર-૯૯૭૫૬૨૪૮૩૪.

4/1/1(29) -------- (A-15721)(4-5)

**શેઢીયા ભાવિકો નિયાણી પરીવારો ચાલો પંજાબ ચક્રેશ્વરી માતાજીનાં મુળ સ્થાને અતેવલી**

રમણ શેઢીયા સંચાલિત શ્રી ચક્રેશ્વરી માતાજીના મુળ સ્થાન અતેવલી (સરહીંદ) સાથે મણીલક્ષ્મી તીર્થ ધામ, ચંદીગઢ અને અમૃતસર દિ. ૮. ઉ. ૧૮-૨-૨૫. અતેવલીમાં શ્રી ચક્રેશ્વરી માતાજીની પહેડીનો લાભ મળશે. અમૃતસરમાં વાઘા બોર્ડર. સુવર્ણ મંદિર, ચંદીગઢમાં ગાર્ડન લેક વિ. સાઈટ સીન. સં. રમણ શેઢીયા-9372971397, જય શેઢીયા-9326205589.

4/1/1(32) -------- (B-15717)(4-6)

**ગ્રેનાઈટ-કંમ્પોઝીટ મારબલ-ક્વાર્ટઝ સ્ટોન ભાંડુપ-ગ્રેનાઈટ પોઈન્ટ - ભાંડુપ**

● સમગ્ર કચ્છ/વાગડ સમાજમાં ગ્રેનાઈટ ક્ષેત્રે જુનું નામ.

● AGL કાં.નાં કમ્પોજીટ મારબલ અને કવાર્ટઝ સ્ટોનનો રેડી સ્ટોક, કંપનીનાં ડીલર.

● ઈન્ડીયન કલરમાં અને બ્લેકમાં ગ્રેનાઈટ.

● ઈટાલીયન ગ્રેનાઈટ અને નેનો વાઈટ G/5 માં આપની સાઈઝ પ્રમાટે કટીંગ કરીને મળશે.

● વોર્ડ રોબ, કીચન પ્લેટફોર્મ નીચે વીન્ડો ટ્રેક નીચે નાખવા સ્પોટેડ મારબલ 15mm - 20 mm કટીંગ -અનકટ મળશે.

● કટીંગ-પોલીશ-મોલ્ડીંગની સુવિધા.

● એકવાર મટીરીયલ જોવા ફેક્ટરી પર પધારવા ભાવભર્યું આમંત્રણ. સંપર્ક : નેમચંદ પ્રેમજી છેડા-કચ્છ લાયજા (ઘાટકોપર) મો. નંબર : 9821014481.

2/1/1(30) -------- (B-15719)(4-7)

# જીવદયા અનુદાન

**શ્રી ગઢશીશા પાંજરાપોળ**

સ્થાનિકે આવેલ ઘાસચારાનું દાન તથા દાતાશ્રીઓની અનુમોદના. આપશ્રીનું દાન અબોલ જીવોને અભયદાન. ૧) જાનવીબેન તથા દ્રષ્ટિબેન ના લગ્ન પ્રસંગે મહેન્દ્રભાઈ શાંતિલાલ રામાણી રત્નાપર ભુતડી પાન ૫૭ મણ ૨) પ્રવીણભાઈ શામજીભાઈ રાબડીયા સરલી ઘાસ ૧૦૭ મણ ૩) અ.ની. મનસુખભાઈ લાલજી પિંડોરીયા રામપરવેકરા ભુતડી પાન ૫૮ મણ ૪) અ.ની. અમરબાઈ રવજી કેરાઈ મોટા આસંબીયા લીલો ઘાસ ૪૦ મણ ૫) અરજણભાઈ પ્રેમજી છભાડીયા મોટા આસંબીયા લીલો ઘાસ ૪૧ મણ ૬) કરસનભાઈ હરજી સિયાણી રામપર ભૂતડી પાન ૬૦ મણ ૭) ગં સ્વ વિરબાઈ કરસન છભાડીયા પિયાવા લીલો ઘાસ ૧૧૫ મણ ૮) લાલજીભાઈ રતનસીભાઈ રંગાણી ભૂતડી પાન ૨૪ મણ ૯) લાલજીભાઈ કરસન સિયાણી રામપર વેકરા ભૂતડી પાન ૬૧ મણ ૧૦) રમણીકભાઈ દામજી રંગાણી ભુતડી પાન ૨૭ મણ ૧૧) દામજીભાઈ ખેતશીભાઈ રંગાણી ગઢસીસા ભૂતડી પાન ૨૦ મણ ૧૨) પ્રેમજીભાઈ મેઘજીભાઈ ભગત દરસડી ભૂતડી પાન ૨૦ મણ ૧૩) દેવશીભાઈ રતનભાઈ રાબડીયા મસ્કા ભૂતડી પાન ૯૦ મણ ૧૪) લાલજીભાઈ વીરજીભાઈ હાલાઈ વેકરા ભુતડી પાન ૪૬ મણ ૧૫) રામભાઈ ધનજીભાઈ હીરાણી મિર્ઝાપર ભુતડી પાન ૭૫ મણ. ઉપરોક્ત દાતાઓએ ઘાસચારાનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લી. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક-૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ -૭૬૬૬૧૨૨૨૧૮.

